**એમ.એ.સી.એમ.એ. નંબર :–૩૩/૨૦૨૬**
**એમ.એ.સી.પી.નંબર ૬૮૬/૨૦૨૧**
**(જુનો એમ.એ.સી.પી.નંબર ૨૬૮/૨૦૧૯)**

## મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ(ઓકઝી.૮) ધોળકા સેશન્સ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)મુ.ધોળકા.

એમ.એ.સી.એમ.એ. નંબર :– ૩૩/૨૦૨૬
(એમ.એ.સી.પી.નંબર ૬૮૬/૨૦૨૧)
(જુનો એમ.એ.સી.પી.નંબર ૨૬૮/૨૦૧૯

અરજદાર :– (૧) હંસાબેન ભદ્રેશભાઈ ઉર્ફે ભલાભાઈ સેનવા
(૨) મીતલબેન ભદ્રેશભાઈ ઉર્ફે ભલાભાઈ શેનવા
બંને રહે. નીરમા ફેકટરી મોરૈયા, તા–બાવળા,જી–અમદાવાદ

–:: વિરૂધ્ધ ::–

સામાવાળા :– ધ ન્યુ ઈન્ડીયા અસ્યોરન્સ કં.લી. વિગેરે

બાબત :– એફ.ડી.ની રકમ ઉપાડી લેવા બાબત.

રજુઆત :– અરજદાર તરફે વિ.વ.શ્રી **ડી.એન.વકીલ**

**–:: જજમેન્ટ ::–**

૧. હાલની અરજી અરજદારોએ રૂા.૫,૨૨,૪૫૪/– ની રકમ જે પાંચ વર્ષની એફ.ડી.આરમાં મુકેલી તેને પ્રિમેચ્યોર તોડી રકમ મેળવવા માટે કરેલી છે.

૨. અરજદારો તરફે વિ.એડવોકેટશ્રી ડી.એન.વકીલનાઓને સાંભળ્યા.

૩. અરજદારે મુળ અરજીમાં જણાવેલ છે કે, એમ.એ.સી.પી.નં.૬૮૬/૨૦૨૧ (જુનો એમ.એ.સી.પી.નંબર ૨૬૮/૨૦૧૯ તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ જજમેન્ટથી નિકાલ થયેલ છે અને હુકમ અનુસાર બંને અરજદારોની કુલ રૂા ૫,૨૨,૪૫૪/– ઈન્ડીયન બેંક પાલડી શાખા, અમદાવાદ જી–અમદાવાદ માં અરજદારોના નામે એફ.ડી.થી જમા છે. તેઓ તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, અરજદારની પુત્રી જે અરજદાર નંબર ૨ છે. તેઆના લગ્ન તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નકકી કરેલ હતા અને અરજદાર નંબર ૨ ના સામાજીક રીત રીવાજ મુજબ લગ્ન કરવા માટે નાણાની જરૂરીયાત ઉભી થયેલ છે જેથી અમો અરજદારોને આ અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે. અરજદાર નંબર ૧ નાઓ વિધવા હોઈ તેમની પાસે કોઈ જ નાણાની બચત નથી જેથી સદર એફ.ડી.ની રકમ ઉપાડવાની જરૂરીયાત ઉભી થયેલ છે. જો લગ્ન માટે નાણાની વ્યવસ્થા ન થાય તો સમાજમાં અમારી બદનામી થાય તેમ હોઈ તથા લગ્ન પ્રસંગમાં પુષ્કળ પ્રમાણમાં ખર્ચ

એમ.એ.સી.એમ.એ. નંબર :–૩૩/૨૦૨૬
એમ.એ.સી.પી.નંબર ૬૮૬/૨૦૨૧
(જુનો એમ.એ.સી.પી.નંબર ૨૬૮/૨૦૧૯)

થતો હોઈ છે. જેમાં મહેમાનોનું જમણવાર તથા વ્યવહાર પાછળ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ થવાનો છે જેનો તમામ ખર્ચ અરજદારો ઉપર આવવાનો હોઈ અને અમો અરજદારો ખુબ જ ગરીબ પરીસ્થીતીના છીએ અને અરજદારો પાસે ઉપરોકત એફ.ડી.આર. રસીદ સીવાય અન્ય બીજો કોઈ આધાર નથી અરજદારો ગરીબ પરીસ્થીતીના હોવાથી કોઈ ઉછીના પૈસા પણ આપતુ નથી જેથી ઉપરોકત એફ.ડી.આર.ની રસીદ સીવાય અન્ય કોઈ પણ અમો અરજદારોનો આધાર નથી લગ્ન પ્રસંગમાં અમારા સમાજના રીત–રીવાજ મુજબ ઘણો ખર્ચ થાય તેમ છે પરંતુ હાલમાં અમારી પૈસાની કોઈ સગવડ થાય તેમ નથી તથા અન્ય બીજી કોઈ રીતે નાણાની આવક થઈ શકે તેમ નથી. અરજદાર પાસે સદર ફિકસ ડીપોઝીટ સિવાય અન્ય બીજી કોઈ બચત કે આવક નથી જેથી અરજદાર નંબર ૧ ના નામે મુકેલ ફીકસ ડીપોઝીટની રકમ રૂપીયા ૨,૬૧,૨૨૭/– ઈન્ડીયન બેંક પાલડી શાખા અમદાવાદ માં રસીદ નંબર ૦૯૮૭૯૬૩ તથા અરજદાર નંબર ૨ નામે મુકેલ ફીકસ ડીપોઝીટની રકમ રૂપીયા ૨,૬૧,૨૨૭/– ઈન્ડીયન બેંક પાલડી શાખા અમદાવાદ માં રસીદ નંબર ૦૯૮૭૯૬૫ થી બેંકમાં એફ.ડીથી જમા હોઈ અમો અરજદારને પાકતી મુદતે અગાઉ રોકડેથી ચુકવી આપે તેવો બેંકનો હુકમ કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે.જેથી ઉપરોકત એફ.ડી.આર.ની રસીદ સીવાય અન્ય કોઈ પણ અમો અરજદારનો આધાર નથી.આમ, તેઓએ એફ.ડી.આરને પ્રિમેચ્યોર તોડી તેની રકમ મેળવવા હાલની અરજી કરેલી છે.

૪. અરજદારે આંક–૩ થી દસ્તાવેજો રજુ કરેલ છે જેની નિ.૩/૬ જોતા અરજદાર નંબર ૧ ના પુત્રી તથા અરજદાર નંબર–૨ જાતે મીતલબેનના લગ્ન રાખેલ છે જેમાં લગભગ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ થાય તેમ છે તથા બધા જ સગા સંબંધી અને મિત્રોને આમંત્રણ આપેલ હોય તથા આ લગ્ન મારા સમાજના રીત–રીવાજ મુજબ કરવા છે જેથી ઘણો પુષ્કળ પ્રમાણમાં ખર્ચ થાય તેમ છે પરંતુ હાલમાં અરજદારો પાસે પેસાની કોઈ સગવડ થાય તેમ નથી તથા અન્ય બીજી કોઈ રીતે નાણાની આવક થઈ શકે તેમ નથી. જેનો તમામ ખર્ચ અમો અરજદારોએ આપવાનો હોઈ અને અમો અરજદારો ખુબ જ ગરીબ પરિસ્થિતિના છીએ તથા અરજદાર નંબર ૧ વિધવા હોય અને અરજદાર નંબર ૨ ના પોતાના લગ્ન હોઈ અરજદારો પાસે ઉપરોકત એફ.ડી.આર.ની રસીદ સીવાય અન્ય બીજો કોઈ આધાર નથી જેથી નાણાની જરૂરીયાત છે અને એમ.એ.સી.પી.માં થયેલ અવોર્ડ મુજબની રકમ

**એમ.એ.સી.એમ.એ. નંબર :-૩૩/૨૦૨૬**
**એમ.એ.સી.પી.નંબર ૬૮૬/૨૦૨૧**
**(જુનો એમ.એ.સી.પી.નંબર ૨૬૮/૨૦૧૯)**

તેઓની પોતાની રકમ છે તેવી રકમ જો અરજદારને ખરે સમયે ન મળે તો તેનો કોઈ અર્થ રહેતો નથી. અરજદારોને લગ્ન પ્રસંગમાં નાણાની તાકીદે જરૂર હોય અને મૂળ એવોર્ડ સામે કોઈ અપીલ કરવામાં આવેલ ન હોય ત્યારે આ અરજી મંજુર કરવા અત્રેની ટ્રીબ્યુનલને કોઈ અડચણ જણાતી નથી. તેની ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ::-

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદાર નંબર (૧) હંસાબેન ભદ્રેશભાઈ ઉર્ફે ભલાભાઈ સેનવા રહે. નીરમા ફેકટરી મોરૈયા, તા-બાવળા,જી-અમદાવાદ નામે એફ.ડી.આર.એકાઉન્ટ નંબર ૮૦૯૦૫૨૮૦૪૮ તથા તેનો રસીદ નંબર ૦૯૮૭૯૬૩ ઈન્ડીયન બેંક પાલડી શાખા અમદાવાદ રૂપીયા ૨,૬૧,૨૨૭/-ની એફ.ડી.આર છે (૨) મીતલબેન ભદ્રેશભાઈ ઉર્ફે ભલાભાઈ શેનવા રહે. નીરમા ફેકટરી મોરૈયા, તા-બાવળા,જી-અમદાવાદ નામે એફ.ડી.આર.એકાઉન્ટ નંબર ૮૦૯૦૫૪૦૦૧૦ તથા તેનો રસીદ નંબર ૦૯૮૭૯૬૫ ઈન્ડીયન બેંક પાલડી શાખા અમદાવાદ રૂપીયા ૨,૬૧,૨૨૭/-ની એફ.ડી.આર છે તેને પ્રિમેચ્યોર વિથડ્રો કરવા માટે પરવાનગી આપવામાં આવે છે.
- આ હુકમની યાદી ઈન્ડીયન બેક પાલડી શાખા અમદાવાદ,જી-અમદાવાદ ના મેનેજરશ્રીને કરવી.

અરજીનો તે રીતે નિકાલ કરવામાં આવે છે.

તારીખ :-૦૩/૦૪/૨૦૨૬
સ્થળ :- ધોળકા

(પી.પી.જાડેજા)
[UIC No. GJ00832]
એમ.એ.સી.ટી.(ઓકઝી.૮) અને
૮ માં એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય) મુ.ધોળકા